Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.4 No.13

Impact Factor
Quarterly
Apr-May-June2019

# રાવજીની કવિતા-સૃષ્ટિ

ડૉ. હરીશ પારેખ

ગુજરાતી કવિતાનું વિહંગાવલોકન કરીએ તો તેમાં ભક્તિ પ્રવાહ, સુધારાવાદી,પરંપરા, ગાંધીમૂલ્યો, સૌદર્યાનુગીતા અને આધુનિક્તાના સ્તરો જોવા મળે છે. કાળાનુકમે ગુજરાતી કવિતાવિષયમાંથી કળામાં સરકતી ગઇ છે.પરંતુ ગુજરાતી કવિતાએ પોતાનો "સૌંદર્યરાગ' છોડયો નથી, એથી જમધ્યકાળ હોય કે આધુનિકકાળ ગુ. કવિતામાં ભાવ સૌંદર્ય, કલ્પના સૌંદર્ય લગાતાર જળવાઇ રહયું છે.રાવજી પટેલ પણ આવા જ કવિ. જેમાં કાવ્ય સૌદર્ય એક કેન્દ્રવતી તત્વ બનીને પ્રગટ્યું છે. પ્રમોદકુમાર પટેલરાવજીની કવિતા વિશે કહે છે કે :

**" રાવજીની કવિતા અસ્તિત્વના કોઈ ગહનતમ સ્તરે જન્મતા સંવેગો અને સંઘર્ષમાં મૂળ નાખીને વિસ્તરીછે. અંગત લાગણીઓનો આટલો સજીવ અને ઉત્કટ ધબકાર આપણા બહુ ઓછા કવિઓમાં સાંભળવામળશે."**...૧

રાવજીની કવિતામાં અસ્તિત્વની ગહનતમ સંવેદનાઓ રજૂ થઇ છે. શહરમાં જઇચઢેલો રાવજી ચાહો શકતો નથી ત્યારે તે ગ્રામ્યજીવનની મીઠાશને યાદ કરી નગરજીવનને કોશે છે."દોમદોમ સહયલી મારે મન ફફળતા પડદા' એમ કહેનાર રાવજીની આવી કવિતા "ઠાગાઠૈયા' "આજઅચાનક' "૧૦૬૪-૬૫માં',"સંબંધ',અને' ચણોઠી-રક્ત અને ગોકળગાય" જેવાં કાવ્યોમાં પ્રગટ થઇ છે. "હુંસૂતો છુ જાણે અંગવગરનો રેલો' એવોભાવ આપણને કાવ્યેકાવ્યે જણાય છે.

**" મારા મડદામાંથી સાવ સડેલાં શહેર ખોતરી કાઢો !"**
**હું વગડાનો ફળફળતો ચિત્કાર45**
**હું સાવરણીના રૂંછા જેવી**
**ભવિષ્ય રેખા,**
**હું પયંગમ્બરનો નકલી ચહેરો**
**"ભલે મારું નિર્વાણ ઊડો જાય,**

**ભલે મને મળે નહો**

**બ્રહ્મનું બટેરું ભરી છાશ."...૨**

રાવજીની કવિતામાં અંગત સંવેગો અને સંઘર્ષો પ્રગટ થયા છે. ખેતરનો જીવમિલોના ધૂમાડામાં ગૂગળવા લાગે ત્યારે કેવો ઝૂરાયો છે; એમાંય વળી એ જીવ કવિતાનો સાધક-યાહક હોયત્યારે નગરજીવનના તાપમાં તપતાં આ કવિએ અંગતતાને સાચવી હતી, પરંતું જ્યાં શ્વાસ જ અંગત નઆપતો હોય ત્યાં આ અંગતના ક્યાં સુધી કવિની રહૈ. તેથી શબ્દ સ્વરૂપે કવિતામાં વહી નીકળે છે. એકકોરથી સહેજ સ્વપ્નથી યાખું આખું સાકરની ખેતર જીભ ઉપર સળવળતું હુંતો મડદાની આંખોમાં તરવાલાગ્યો હું તો મરી ગયેલો જીભે ગાવા લાગ્યો.રાવજી પટેલની કવિતામાં જીવન- જંખના અને મૃત્યુની ઉપસ્થિતિ તારસ્વરે રજૂથયાં છે. કારણ કે રાવજીનું જીવન મૃત્યુના અનુભવથી યાલે છે. અને મૃત્યુનો અનુભવ જીવનજીવવાનીઉત્કટ ઝંખનામાંથી નિરૂપાય છે તેથી રાવજી પટેલની કવિતા જીવન-મૃત્યું ની શણગારી ક્ષણો છે' એમ કહોશકાય.

**"મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં**

**મારી વેલ શંગારો વીરા, શગને અંકારો......."**

**"થોરની શપ્યાં પર યુગોથી કકળે**

**વૃદ્ધ જાગરણ મારું"...૩**

રાવજીની કવિતામાં સર્જન વ્યાપાર પ્રત્યે શ્રદ્ધા રજ થઇ છે. આથી રાવજીએપોતાની કવિતાની ઘણી બધી પંક્તિઓમાં કાવ્યસર્જન અને ભાષાકર્મ વિશે ઉદગારો કાઢયાં પોતાની
સર્જનયાત્રા ક્ષર નથી પરંતુ વિશે અક્ષર છે, એવો વિશ્વાસ તેને છે. તેથી જ તો તે કહે છે કે-

**"સૂર્ય હવે છાણનું અડાયું મારે મન**

**મારે મન કવિતાની સાહયબીના સૂરજ હજાર "**

**હું તો માત્ર કવિતાઇ રણનો પ્રલંબ પટ**

**કેવળ વેરાઇ જાણું પ્રણયની જેમ."...૪**

રાવજીની કવિતામાં કલ્પન પ્રતિક અને **લયની ના**ખી સૃષ્ટિ વિસ્તાર પામી છે.કલ્પનો ઘડોને પોતાની કવિતાને સમૃદ્ધિ અપાવતા કવિઓમાં રાવજીનું નામ ખાસ ઉલ્લેખનીય રહૈશે. કારણકે તેનાં કલ્પનો કવિતાને કાવ્યતત્વ સુધી પહોંચાડે છે. રાવજીનાં કલ્પનોમાં બે સ્થિતિ પ્રવર્તે છે : (૧)કલ્પનોનાં ચિત્રો (૨) કલ્પનોની સંવેદનાઓ આ બે સ્થિતિ જોડાઇને એક નવું જ પરિમાણ રચે છે, તે છેકાવ્યાત્મકતા એ જ રીતે પ્રતીકો પણ રાવજીની કવિતાનું નોખુ તત્વ રહયું છે. પશું-પંખીનાં પ્રતીકોની સાથે-સાથે સૂરજ,અંધકાર, ચાદર જેવાં પ્રતીકો પણ તેમણે નિપજાવ્યાં છે. તેથી તેમની પ્રતીક માળા પણકાવ્યત્મકતાને પોષનારી બની છે, એ જ રીતે તેમની સૃષ્ટિ કાવ્યાત્મકતા રૂપ ભાસે છે તેમાં લયનું – છંદનુંઘણું મોટું યોગદાન છે.

**"જતાંરોડુ વાગ્યું, યરણ લથડયો આંખ ફરકો,**

**અહો આ ક્યારીમાં ખડખડ હસ્યો ભાઇ મુજનો."...૫**

રાવજીની કવિતામાં ઇન્દ્રિય સંતપક સઘનતા ઉત્કટ - રૂપે રજૂ થઇ છે.આંખ, કાન, નાક, સ્વાદ અને સ્પર્શજેવી ઈન્દ્રિયોને કાવ્યાનુભવ મળી શકે તેવી સદ્ધરતા રાવજીનીકવિતામાં પડેલી છે. કલ્પનોરૂપે વિસ્તાર પામતી આ સંવેદના કયારેક એટલી તીવ હોય છે કે તે ભાવકનેતીક્ષણ ભાવ - પ્રતિભાવમાં લઇ જાય છે :

**"આંખો દહાડો ઢેફાઇ કુટાઇમા**

**પંજેટીની જેમ લૂસ ખાટલામાં પડો રહો."...૬**

રાવજીની કવિતામાં પરંપરાને સમૃદ્ધ અને કાવ્યત્મકતાને પોષણ આપનારી ઘણીવસ્તુઓ નજરે પડે છે. રઘુવીર ચોધરી આ વિશે નોંધે છે : " રાવજી પટેલનાં કાવ્યો આરંભથી વાંચવાનાંશરૂ કરો અને તમને શ્રીધરણી પ્રહલાદ, રાજેન્દ્ર, બાલમુકુંદ, નિરંજન, પ્રિયકાન્તના હાથે નીવડેલી"શુદ્ધકવિતા' નાં દ્રષ્ટાંતો મળવાં શરૂ થશે."

"એક બપોરે' 'ઘવાયેલો સૈનિક' '"ઢોલિયો' "વૃક્ષનીસ્વગતોકિત' "ભાઇ' જેવી રચનાઓ ૧૯૫૬ પૂર્વેની ગુજરાતી કવિતાના જમા પાસે નોંધવા જેવી રચનાઓ છે.

રાવજીની કવિતા કૃષિજીવન અને નગરજીવન વચ્ચે સંઘર્ષ અનુભવતી અને એસંઘર્ષમાંથી કવિતાનું સૌંદર્ય પ્રગટ કરતી નિહાળી શકાય છે. આથી જ

રઘુવીર ચૌધરી રાવજીનું મૂલ્યાંકનકરતા કહયું છે કે : **"રાવજી માત્ર કૃષિ કવિ અને ગોપસંસ્કૃતિનો ઉદ્ગાતા હોય તો આધુનિક ન ગણાતાંપણ નગરજીવનનું ઉધાર પાસું પણ એની કવિતામાં પ્રબળ બનીને આવ્યું છે તેથી તમે એને "દગ્ધ કૃષિકવિ'કહો શકો. આ શબ્દપ્રયોગમાં પણ આધુનિકતાની લઢણ છે....૭**

રાવજીની કવિતામાં રચનારીતિના નવોન્મેષો જોઇ શકાય છે. "જનું ઘર ખાલીકરતાં' ની સમદક્ષ એવી કૃતિ "ભાઇ'*,"એક બપોરે',"ઠાગાઠૈયા'અને "વરસાદી રાત્રે' જેવાંકાવ્યોમાંઅનુભવી શકાય છે. છંદોબદ્ધ અને અછાંદસ બંને પ્રકારનાં કાવ્યો એની પ્રતિભામાંથી કાવ્યત્વપામ્યાં છે.પ્રકૃતિ નિરૂપણ અને પ્રકૃતિ સંદર્ભો બંનેની બાબતે કવિ રાવજીની કવિતાઓ યોગ્યપરિમાણ અને વિવિધ પરિણામો હાંસલકાર છે : પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય અને પ્રકૃતિતત્વો પ્રત્યેનો ઊંડો સ્નેહરાવજીને ખેડૂત તો સાબિત કરે જ છે; સાથે-સાથે તે પોતે પણ પ્રકૃતિનો એક અંશ છે, એવી સાહજિકતાદાત્મ્યતા રજ કરે છે.

રાવજી પટેલની કવિતામાં જાતીય આવેગોની એક વિશિષ્ટ સૃષ્ટિ આકાર પામી છે.શુંગારભાવથી ઓતપ્રોત એવી કાવ્યનાયકની સ્થિતિ વર્ણવતી કેટલીયે પંક્તિઓ આપણને "અંગત માંથીમળી આવે છે. "અસંખ્ય રાત્રિઓને અંતે' અનેએક મધ્યરાતે' જેવાં કાવ્યોમાં આ ભાવ ઉત્કટ રીતે રજૂ થયોછે. કવિની આ એક ખાસ લાગણી રહો છે.

**" વીતેલાં વર્ષોમાં કદીય પણ યાહો નવ તને**
**સ્તનોનાં પુષ્પોમાં શરમ છૂપવીને રડી પડયો, "**
**" ક્યાં છે સ્પર્શ ફાગણો**
**હજી સ્તનોના ચરુ સાચવી બેઠેલો**
**કેવેડીયો કયાં છે ?"....૮**

રાવજીની કવિતામાં ચેતનાના અસંપ્રરીજ્ઞાત સ્તરો પ્રગટી આવ્યાં છે.એક સરરિયલ અનુભવ તેની કવિતામાંથી થાય છે. અજાગ્રત મનમાંથી ઉભરી મનનું વાસ્તવ લઇને આવે છે.જે આધુનિકતાનો એક અંશ બને છે.

" વીંછણના અંકોડા જેવાં બિલ્ડીગોથી
હરચક ભરચક શહેર દબાયાં
જવા જેવું ગામ નદીને તટ ચોટેલું, એ ચગદાયું. "....૯

સુરેશ જાશી રાવજીની કવિતા વિશે કહે છે કે :**" નવાં કવિઓમાં રાવજીનો એક આગવો અવાજ છે. ઉપમેય અને ઉપમાનને અસંગતિના યગડોળે યગાવીમારવા હોય, ઈન્દ્રિય સંતર્પક સઘનતા લાવવી હોય, મરણનાં પણ ઈઇન્દ્રયસંવેદરૂપો આલેખવાં હોય કેહાસ્યની છોળો ઉડાડોને વ્યંગ્યને ધાર કાઢવી હોય તો રાવજી લીલયાઆ બધું કરી શકે છે."**...૧૦ રાવજીની કવિતા વિશાળ માનવસંદભો લઇને આવે છે. એનામાં માનવ –

પ્રેમછલકાય છે. સ્વજનો પ્રત્યેની લાગણી, પ્રયસીને ન પામ્યાની અતૃપ્તિ અને એને સદેહે પામવા માટેની તીવ્રકામનાએ રાવજીના માનવ પ્રેમનો અશં છે.

*"પાછલા ભવની મશરૂની તળાઈ પરનું*

*સંવનન આ લીપણવાળી ઓસરીમાં માણી શકાત."....* ૧૧

આ રીતે રાવજીની કવિતા અનેક વિષયોને લઇને યાલે છે. એનામાં પ્રેમ -પીડા - નગરજીવન - જાતીયતા અસ્તિત્વ વાદ, સમાજવાદ અને વધુ તો અંગતતા છલકાયાં છે. કાવ્યે -કાવ્યે કવિની અંગત સૃષ્ટિ - બિનંગત કવિતારૂપે જન્મી છે, ત્યારે કવિની આ વિષયસૃષ્ટિ સૌને માટેઆસ્વાધા બને છે.કવિમાં માત્ર વિષયોજ નહો પરંતુ કાવ્યપ્રકારોમાં પણ આવી જ વૈવિધ્યતાનાં દર્શન થાય છેગીત, ગઝલ, અછાંદસ, સોનેટ દીર્ઘકાવ્યનાં સ્વરૂપો અજમાવીને તેઓ એ કવિપ્રતિભાનો ખ્યાલ આપ્યો છે.

## પાદટીપ

1. પૃ. ૪,પ્રસ્તાવના, અંગત
2. પૃ. ૪૫,'અંગત' રાવજી પટેલ
3. પૃ. ૪૬,'અંગત' રાવજી પટેલ
4. પૃ. ૭૦,'અંગત' રાવજી પટેલ
5. પૃ. ૭૧,'અંગત' રાવજી પટેલ
6. પૃ. ૭૪,'અંગત' રાવજી પટેલ
7. પૃ. ૨ રાવજીકૃષિ કવિ, એક અભ્યાસ
8. પૃ. ૩૨,'અંગત' રાવજી પટેલ
9. પૃ. ૭૭,'અંગત' રાવજી પટેલ
10. પૃ. ૮૭, કવિતાનો આસ્વાદ, સુરેશ જોશી
11. પૃ. ૮૧,'અંગત' રાવજી પટેલ